<u>તાત્કાલિક</u>
ક્રમાંકઃ રાચપ–ચટણ–સ્થા.સ્વ.–૬૯/૮૨૦૦૯–ક

રાજય ચૂંટણી પંચનું કાર્યાલય,
બ્લોક નં. ૯, ૯ મો માળ,
સરદાર પટેલ ભવન,
સચિવાલય, ગાંધીનગર.
તા.૧–૮–૨૦૦૯

પ્રતિ,
શહેર ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રી સર્વે
જિલ્લા મ્યુનિસિપલ ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રી સર્વે
જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રી સર્વે

વિષય :– <u>મતદાર યાદીઓની સ્થાનિક ચકાસણી કરવા અંગે.</u>

શ્રીમાન,

ઉપરોકત વિષયે આજ્ઞાનુસાર જણાવવાનું કે, વિધાનસભાની તા.૧–૧–૨૦૦૯ મતદાર યાદી પરથી સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની મતદાર યાદી તૈયાર કરવા રાજય ચૂંટણી પંચ સમયાંતરે સંસ્થા પ્રમાણે પરિપત્રથી આપને જાણ કરવામાં આવેલ છે. આ પરિપત્રોની સૂચનાઓમાં રાજયની જે તે સ્થાનિક સ્વરાજય સંસ્થાઓના વિસ્તાર માટેની વોર્ડવાર / મતદાર મંડળવાર મતદાર યાદીઓ તૈયાર કરવામાં આવે / સુધારવામાં આવે ત્યારે મતદાર યાદીઓની નોંધોની ૧૦૦ % ચકાસણી કરાવવાની વ્યવસ્થા જિલ્લા કલેકટરશ્રીએ કરવાનું રાજય ચૂંટણી પંચે નકકી કરેલ છે જ અને આવી ચકાસણી માટે મતદાર યાદી તૈયાર કરવાના પરિપત્રમાં જિલ્લા / તાલુકા કક્ષાના અધિકારીશ્રીઓ / કર્મચારીઓ પ્રમાણે વિભાગોની વહેંચણી કરી સુચવ્યા પ્રમાણેની ટકાવારીમાં મતદાર યાદીમાં દાખલ કરેલ નોંધોની ચકાસણી કરવાની થાય છે.

રાજય ચૂંટણી પંચ દ્વારા મતદાર યાદી સુધારણા કાર્યક્રમ જારી કરવામાં આવે છે ત્યારે રાજય ચૂંટણી પંચના નાયબ ચૂંટણી કમિશ્નરશ્રી / મદદનીશ ચૂંટણી કમિશ્નરશ્રી તથા નાયબ મામલતદારશ્રીએ જે તે સંસ્થાની મતદાર યાદીઓ ચકાસણી પણ કરતા હોય છે. આવી ચકાસણી દરમ્યાન એવું ઘ્યાનમાં આવેલ છે કે જિલ્લા / તાલુકા કક્ષાએથી મતદાર યાદીઓની વિવિધ સ્તરનાં અધિકારીઓ / કર્મચારીઓ દ્વારા રાજય ચૂંટણી પંચે આપેલ સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવામાં આવતું નથી આ બાબત ગંભીર છે.

એટલે આપના જિલ્લાની સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની મતદાર યાદીઓનું સ્થાનિક જિલ્લા / તાલુકા કક્ષાના અધિકારીશ્રીઓ દ્વારા પુરેપુરી ચકાસણી કરવામાં આવે તે પ્રમાણેની વ્યવસ્થા કરી, રાજય ચૂંટણી પંચને જાણ કરશો તેમજ રાજય ચૂંટણી પંચે લીધેલ નિર્ણય મુજબ નગરપાલિકા, મહાનગરપાલિકા, જિલ્લા / તાલુકા પંચાયતોની મતદાર યાદીઓમા મતદાન મથક દીઠ સરેરાશ ૮૦૦ મતદારોનું ધોરણ જળવાઈ રહે તે પ્રમાણે જ જરૂરી કાર્યવાહી કરવા વિનંતી છે.

આપનો વિશ્વાસુ,

(વી. એચ. શાહ)
સચિવ
રાજય ચૂંટણી પંચ
ગાંધીનગર

**<u>નકલ રવાના જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ:-</u>**

૧: મતદાર નોંધણી અધિકારી અને મ્યુનિસિપલ કમિશ્નરશ્રી,
મહાનગરપાલિકા તમામ

૨: મતદાર નોંધણી અધિકારી અને મામલતદારશ્રી,
નગરપાલિકા તમામ

૩: મતદાર નોંધણી અધિકારી અને મામલતદારશ્રી,
જિલ્લા / તાલુકા પંચાયત તમામ તરફ

**<u>નકલ રવાના જાણ તથા ફોલોઅપ કરવા સારૂ :-</u>**

⇨ નાયબ સચિવશ્રી, રાજય ચૂંટણી પંચ, ગાંધીનગર.
⇨ નાયબ ચૂંટણી કમિશ્નરશ્રી ૧-૨, રાજય ચૂંટણી પંચ, ગાંધીનગર.
⇨ મદદનીશ ચૂંટણી કમિશ્નરશ્રી સર્વે
⇨ નાયબ મામલતદારશ્રી સર્વે